ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 23rd May, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,

..............................................,

ભાવનગર.

**ગુજરાતમાં પડી રહેલા અવકાશી પદાર્થો 'સ્પેસ જંક'** પર ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક
શ્રી જે. પી. જોષી સરનું તા. ૨૫-૦૫-૨૦૨૨નાં રોજ સાંજે ૮ થી ૯ દરમિયાન વ્યાખ્યાન.
ફોરેન્સિક લેબ (FSL), ભાવનગરના તપાસ અધિકારી ડૉ. અશ્વિન ઈટાલીયા ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

વર્તમાન પરિસ્થિતિમાં પૃથ્વી પર સૌથી મોટી તોળાતી આફત એટલે પ્રદુષણ. પૃથ્વીના ઋતુચક્રમાં અનિચ્છનીય ફેરફારોનું મુખ્ય કારણ મનુષ્ય સ્વયંના સ્વાર્થને સાધવા હાનિકારક કચરાનો યોગ્ય નિકાલ કરીને પોતાના જ પગ પર કુહાડી મારી રહ્યો છે. આ સ્વાર્થીપણું હવે બ્રહ્માંડ સુધી પણ પહોંચી રહ્યું છે! મોટા મોટા મિશન અને તેની સફળતા પાછળ અવકાશીય પ્રદુષણની વાસ્તવિકતા છુપાયેલી છે.

આ સ્પેસ જંકસ (ડેબ્રીસ) ના ટુકડાઓ છેલ્લા ૨ મહિનામાં ગુજરતના વિવિધ ભાગોમાં પડ્યા હોવાના અહેવાલ મળી આવ્યા છે. તેને એકઠા કરીને ફોરેન્સિક લેબ (FSL) દ્વારા તેનું યોગ્ય પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. હાલ સ્પેસ જંકસનું પૃથ્વી પરનું અનુચિત આગમનની ગંભીરતાને ધ્યાનમાં લેતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૫-૦૫-૨૦૨૨નાં રોજ સાંજે ૮ થી ૯ દરમિયાન ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક શ્રી જે. પી. જોષી સરના તજજ્ઞ પદે 'સ્પેસ જંક' વિષય KRCSC Bhvanagar YouTube ચેનલના માધ્યમથી લાઇવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં ફોરેન્સિક લેબ (FSL), ભાવનગરના તપાસ અધિકારી ડૉ. અશ્વિન ઈટાલીયા ખાસ ઉપસ્થિત રહેશે.

ઉપરોક્ત લાઇવ વેબીનારમાં YouTube ચેનલના KRCSC Bhvanagarના માધ્યમથી જોડાવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર તમામ લોકોને નિમંત્રણ પાઠવે છે. વધુ માહિતી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વેબસાઈટ **www.krcscbhavnagar.org** પર મેળવી શકશે.

23/05/22
4:15PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર